**જન્મદિને વધામણી**



નીરૂ મૂળજીભાઈ પરમાર
મો. ૯૮૨૪૨૩૬૮૯૩

# હવે દેશના દરેક ખેડુતને વાર્ષિક ૬૦૦૦ આપવા નિર્ણય

**મોદી કેબિનેટની પ્રથમ બેઠકમાં અનેક નિર્ણયો : યોજનાથી ૧૪.૫ કરોડ ખેડુતોને લાભ : ખેડુતો માટે પેન્શન યોજનાની પણ જાહેરાત : શહીદોના બાળકોને સ્કોલરશીપ**

નવી દિલ્હી, તા. ૩૧

વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં આજે કેબિનેટની પ્રથમ બેઠક યોજાઈ હતી. જેમાં અનેક મહત્વપૂર્ણ નિર્ણયો કરવામાં આવ્યા હતા. ધારણા પ્રમાણે ખેડુતો માટે જ મોટી યોજના જાહેર કરવામાં આવી હતી. પ્રચારમાં મોદીએ જે રીતે વચન આપ્યુ હતું તે જ રીતે પીએમ કિસાન સમ્માન નિધિ યોજના હેઠળ હવે તમામ ખેડુતોને વાર્ષિક ૬ હજાર મળશે. આવી જ રીતે ખેડુતો માટે પેન્શન યોજનાની જાહેરાત કરવામાં આવી છે.

તમામ ખેડુતોને ચૂંટણી સંકલ્પ પત્રમાં પીએમ કિસાન સમ્માન નિધીમાં સામેલ કરવાની વાત કરવામાં આવી હતી. જેના ઉપર આજે કેબિનેટ બેઠકમાં મંજુરીની મહોર મારવામાં આવી હતી. આ યોજનાથી દેશના ૧૪.૫ કરોડ ખેડુતોને ફાયદો થશે. કેબિનેટ બેઠક અંગે માહિતી આપતા કૃષિ મંત્રી નરેન્દ્ર સિંહ તોમરે કહ્યું હતું કે, ખેડુતોની આવક આગામી પાંચ વર્ષમાં બે ગણી કરવામાં આવનાર છે. ખેડુતોને પાકના ખર્ચ પૈકી ઓછામાં ઓછી દોઢ ગણી રકમ સમર્થન મુલ્ય તરીકે મળે તે તેના પ્રયાસ કરવામાં આવશે. કૃષિ મંત્રીએ કહ્યું હતું કે, પીએમ કિસાન હેઠળ ત્રણ કરોડથી વધુ ખેડુતોને પૈસા પહોંચી ચુક્યા છે.

હજુ સુધી ૧૨ કરોડ ખેડુત યોજનામાં આવ્યા હતા. બે કરોડ ખેડુતો બાકી રહી ગયા હતા. હવે તમામને આવરી લેવામાં આવ્યા છે. આનાથી ૭૫ હજાર કરોડ રૂપિયા ખર્ચ થશે. હવે ૧૨ હજાર કરોડ રૂપિયા બીજા વધશે એટલે કે કુલ ૮૭ હજાર કરોડ રૂપિયા ખર્ચ થશે. અગાઉ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે બપોરે પ્રધાનોને ખાતાઓની ફાળવણી કરી હતી. મોદી સહિત ૫૮ પ્રધાનોએ ગઈકાલે શપથ લીધા હતા. મોદીએ ધારણા પ્રમાણે જ અમિત શાહને મોટી જવાબદારી સોંપી હતી. અમિત શાહને દેશના નવા ગૃહમંત્રી બનાવવામાં આવ્યા હતા. જ્યારે રાજનાથ સિંહને દેશના નવા સંરક્ષણ મંત્રી બનાવવામાં આવ્યા હતા. મોદીએ તમામ પ્રધાનોને આજે ખાતાઓની ફાળવણી કરી હતી.

ખાતાઓની ફાળવણી કરવામાં આવે તે પહેલા ભારી ઉત્સુકતા રહી હતી. પાર્ટીના દિગ્ગજ ચહેરા રહેલા અમિત શાહે લોકસભાની ચૂંટણીમાં પાર્ટીને જીત અપાવવામાં ચાવીરૂપ ભૂમિકા અદા કરી હતી. કેબિનેટની બેઠકમાં આજે અન્ય નિર્ણય પણ લેવામાં આવ્યા હતા. જેના ભાગરૂપે શહીદોના બાળકોને સ્કોલરશીપની રકમ ૨૦૦૦ની જગ્યાએ હવે ૨૫૦૦ રૂપિયા મળશે. શહીદ જવાનોના પુત્રને મહિને ૨૫૦૦ રૂપિયા અને યુવતીઓને ૨૨૫૦ રૂપિયાની જગ્યાએ ૩૦૦૦ રૂપિયા અપાશે.

## પાકિસ્તાન પર વિન્ડિઝની ૭ વિકેટે જીત

લંડન, તા. ૩૧

વર્લ્ડ કપની આજે રમાયેલી મેચમાં વિન્ડિઝે પાકિસ્તાનને કચડી નાખીને જોરદાર શરૂઆત કરી હતી. પ્રથમ બેટીંગ કરતા પાકિસ્તાનની ટીમ માત્ર ૧૦૫ રન કરીને ઓલઆઉટ થઈ ગઈ હતી. વિન્ડિઝ તરફથી થોમસે તરખાટ મચાવીને ૪ વિકટ ઝડપી હતી. જ્યારે હોલ્ડરે પણ ત્રણ વિકટે ઝડપી હતી. જીતવા માટેના ૧૦૬ રનના લક્ષ્યાકનો પીછો કરતા વિન્ડિઝ તરફથી ગેલે તોફાની બેટીંગ કરી હતી. અને ૫૦ રન બનાવ્યા હતા. ઈંગ્લેન્ડમાં પાંચમી વખત વર્લ્ડ કપનુ આયોજન કરવામાં આવ્યુ છે.૧૯૭૫, ૧૯૭૯, ૧૯૮૩ અને ૧૯૯૯માં વર્લ્ડકપનું આયોજન ઈંગ્લેન્ડમાં કરવામાં આવ્યું હતું. ટુર્નામેન્ટ માટે ફોર્મેટ ૧૦ ટીમોના સિંગલ ગ્રુપની છે જેમાં દરેક ટીમ અન્ય નવ ટીમો સામે મેચો રમશે. એટલે કે દરેક ટીમ નવ મેચ રમશે ત્યારબાદ ટોપની ચાર ટીમો સેમિફાઈનલમાં પ્રવેશ કરશે.



પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર કીશનગઢ ખાતે ‘‘વર્લ્ડ મેન્સ્ટુઅલ હાયજીન ડે’’ તથા આઈ.ડી.સી.એફ. પખવાડિયાની ઉજવણી કરવામાં આવી. આ પ્રસંગે વિસ્તારની તરુણીઓ, આશા બહેનો, આંગણવાડી કાર્યકરો તથા આરોગ્યના સ્ટાફે હાજર રહી રેલી તથા વિવિધ આરોગ્યની પ્રવૃત્તિઓ દ્વારા માહિતી તથા સમજ મેળવી હતી. મેડિકલ ઓફિસર ડો. નેહાબેન જોષીયરાએ આ બન્ને કાર્યક્રમો વિશે જાણકારી આપવાની સાથે આવેલ તરુણીઓને સેનેટરી પેડ આપતાં તેનો ઉપયોગ અને તેની જરૂરિયાત અંગે પણ જણાવ્યું હતુ. ઓ.આર.એસ. પેકેટ તથા ઝિંક ગોળીથી બાળકોમાં થતા ઝાડા સામે રક્ષણ મળે છે. તેના ઉપયોગ તેમજ રીત સમજાવતાં ગોળીના ડોઝની પણ માહિતી આપી હતી. અલ્પાહારના અંતે કાર્યક્રમ પૂર્ણ જાહેર કર્યો હતો.

## સુરત આગકાંડમાં બેદરકારી દાખવનારા બેની અટકાયત

સુરતના સરથાણામાં તક્ષશિલા આર્કેડમાં આગની ગોઝારાકાંડમાં સુરત મહાનગર પાલિકાના અધિકારીઓ પર આખરે પોલીસનો ફોજદારી કાર્યવાહીનો કાનૂની ગાળિયો કસાયો છે અને આ સમગ્ર પ્રકરણમાં સુરત ક્રાઈમ બ્રાંચે સુરત મહાનગર પાલિકાના ફાયર વિભાગના ડેપ્યુટી ચીફ ફાયર ઓફિસર એસ. કે. આચાર્ય અને ફાયર ઓફિસર કિર્તી મોઢની ધરપકડ કરતાં ભારે ચકચાર મચી ગઈ હતી. પોલીસે આ સમગ્ર મામલામાં સુરત મહાનગર પાલિકાના ડેપ્યુટી કમિશનર એન.વી.ઉપાધ્યાય, કેતન પટેલ અને વરાછા ઝોનના કાર્યપાલક ઈજનેર ડી.આર. ગોહિલના પણ નિવેદન લેવાયા હતાં.

**મોડાસાના નાંદીસણ ગામે પરિવાર ગરમીથી રાહત મેળવવા ધાબે ચઢ્યો**

# તસ્કરોએ ઘરમાં ૧.૨૫ લાખનો હાથફેરો કરી ગયા

અરવલ્લી જીલ્લામાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ જાળવવા માટે ખાખી વર્દીનો પનો ટૂંકો પડી



રહ્યો હોય તેમ તસ્કરો અને ઘરફોડ ગેંગ લૂંટની ઘટનાને સતત અંજામ અપાતા જિલ્લાવાસીઓમાં પોલીસતંત્રની કામગીરી સામે રોષ પ્રવર્તી રહ્યો છે.

અરવલ્લી જીલ્લામાં અસહ્ય ગરમી અને ઉકળાટથી રાહત મેળવવા પ્રજાજનો ધાબા પર અને ઘરની બહાર ઉંઘવા મજબુર બન્યા છે. મોડાસા તાલુકાના નાંદીસણ ગામે સગર પરિવાર ગુરુવારે રાત્રીના સુમારે ગરમીથી રાહત મેળવવા ધાબે મીઠી નીંદર માણી રહ્યો હતો અને તસ્કરોએ ઘરમાં ત્રાટકી હાથફેરો કરી ૧.૨૫ લાખના મુદ્દામાલની લૂંટ ચલાવી રફુચક્કર થતા પરોઢિયે પરિવારને જાણ થતા આભ તૂટી પડ્યું હતું. લૂંટની ઘટનાના પગલે મોડાસા રૂરલ પોલીસે ઘટનાસ્થળે પહોંચી પ્રાથમિક તપાસ હાથ ધરી હતી.

મોડાસા તાલુકાના નાંદીસણ ગામે નરેશકુમાર કનુભાઈ સગર ગુરુવારે રાત્રીએ વાળું કરી પરિવાર સાથે ઘરના ધાબા પર સુઈ ગયો હતો. રાત્રીના સુમારે તસ્કરોએ ઘરના મુખ્ય દરવાજાનો નકુચો તોડી ઘરમાં ઘુસી તિજોરી અને કબાટમાં રહેલા સોના ચાંદીના દાગીના અને રોકડ રકમ સહીત અંદાજે ૧.૨૫ લાખથી વધુની લૂંટ ચલાવી રફુચક્કર થઈ ગયા હતા. વહેલી સવારે ઊંઘ ઉડતા અને ઘરમાં દ્રશ્ય જોતા જ ચોરી થયાની જાણ થતા પરિવારજનોના માથે આભ તૂટી પડ્યું હતું. લૂંટની ઘટનાને પગલે ગ્રામજનો એકઠા થઈ ગયા હતા. લૂંટની ઘટનાના ઘટતા મોડાસા રૂરલ પોલીસ નાંદીસણ ગામે દોડી આવી તપાસ હાથ ધરી હતી. મોડાસા ગ્રામ્ય વિસ્તાર વિસ્તારમાં તસ્કરો સક્રિય થતા અને રૂરલ પોલીસની નિષ્ક્રિયતાથી લોકોમાં ભારે રોષ પ્રવર્તી રહ્યો છે.

# અરવલ્લી પોલીસતંત્રમાં ચાર પી.આઈ અને નવ પી.એસ.આઈની બદલી

મોડાસા, તા. ૩૧

અરવલ્લી જીલ્લા પોલીસવડા મયુર પાટીલે ચાર્જ સંભાળતાની સાથે જીલ્લાના વિવિધ શહેરી અને ગ્રામ્યવિસ્તારના પોલિસ અધિકારીઓ અને કર્મચારીઓ બદલીનો ગંજીપો ચિપાવાનું ચાલુ કર્યુ છે. પોલીસ અધિકારીઓ અને કર્મચારીઓ પણ સતત પોલીસવડા દ્વારા થઈ રહેલી બદલીઓનુ ગણિત સમજવામાં થાપ ખાઈ રહ્યા હોય તેવો અહેસાસ અનુભવી રહ્યા છે ત્યારે વધુ એકવાર ચાર પી.આઈ. અને નવ પીએસઆઈની બદલીના ઓર્ડર કરી જીલ્લા પોલીસતંત્રમાં ભારે ઉલટફેર કરવામાં આવતા વારંવાર કરાતી બદલીઓ સામે અનેક પ્રશ્નાર્થ પેદા થયા છે.

અરવલ્લી જીલ્લા પોલીસવડા મયુર પાટીલ દ્વારા ૨૦૧૯ લોકસભાની આદર્શ આચારસંહિતા પૂર્ણ થતા જ પોલીસ અધિકારીઓ અને કર્મચારીઓની બદલી થવાં એંધાણ પછી ૩૧ મે શુક્રવારના રોજ મોડાસા મહિલા પોલીસ સ્ટેશન અને ટાઉન પો. ઈન્ચાર્જ એન.કે. રબારીની બદલી જીલ્લા એલસીબીમાં, બાયડ સીપીઆઈ એમ.જે. દેસાઈની બદલી મોડાસા ટાઉન પો. અરવલ્લી એલસીબી પીઆઈ આર.એસ. તાવીયાડ ઈસરી પોલીસ સ્ટેશન અને ઈસરી પી.આઈ. વી.એન. પટેલીયાને એલઆઈબી શાખામાં બદલી કરવામાં આવી છે.

જીલ્લામાં ૯ પીએસઆઈની પણ સાગમટે અરસ-પરસ બદલીના આદેશ આપવામાં આવ્યા હતા જેમાં કે.ડી. બ્રહ્મભટ્ટ લીરી એટેચ એસી-એસટીમાંથી બદલી કરી રીડર ટુ એસ.પી શાખા, મેઘરજ પીએસઆઈ એચ.એસ. શર્માની મોડાસા રૂરલ પોલીસ સ્ટેશન, પી.આર. જાડેજાને રીડર પીએસઆઈના ચાર્જમાંથી મુક્ત કરી જીલ્લા હાઈવે ટ્રાફિક અને વધારાના ચાર્જમાં એસ.ઓજીનો ચાર્જ, મોડાસા રૂરલ પીએસઆઈ એસ.એફ. ચાવડા મહિલા પોલીસ સ્ટેશન, માલપુર પીએસઆઈ એસ.એચ. પરમારની બદલી લીરી અટેચ મોડાસા ટાઉન, સાઠંબા પીએસઆઈની બદલી મેઘરજ પોલીસ સ્ટેશન, કે.એસ. સીસોદીયા એલસીબી પીએસઆઈ અને વધારાનો ચાર્જ પેરોલ ફર્લો બી.એલ. રોહિત લીરી એટેચ મોડાસા ટાઉનથી સાઠંબા પોલીસ સ્ટેશન, કે.એમ. વાઘેલા પેરોલ ફર્લો સ્કવોડમાંથી માલપુર પોલીસ સ્ટેશસનમાં બદલીનો આદેશ જીલ્લા પોલીસ વડા મયુર પાટીલે કર્યો હતો.



‘‘વિશ્વ તમાકુ નિષેધ દિન’’ની ઉજવણીના ભાગરૂપે આઈ.ટી.આઈ. ભિલોડા ખાતે આજરોજ તાલુકા હેલ્થ ઓફીસ ભિલોડા તથા સપ્તધારા ટીમ ભિલોડા દ્વારા વિવિધ કાર્યક્રમો તથા પપેટના માધ્યમથી તમાકુના સેવનના કારણે થતાં વિવિધ રોગો જેવા કે ટી.બી., કેન્સર, નપુંસકતા, મોઢાનું કેન્સર, ફેફસાંની બીમારીઓ વિગેરે થવાની શક્યતાઓ વધુ રહે છે. તે અંગે આરોગ્ય શિક્ષણ તેમજ સમજણ આપવામાં આવી. COTPA એક્ટની સમજ વળી ૧૮ વર્ષથી નીચેની ઉંમરના બાળકો ભણતાં હોય તેવી શૈક્ષણિક સંસ્થાઓથી ૧૦૦ વારની ત્રીજયામાં તમાકુની બનાવટનું વેચાણ એ દંડનીય અપરાધ છે તે અંગેની વિવિધ કલમો અને સજા તથા દંડની રકમો વિશે પણ સમજણ આપવામાં આવી. આ તબક્કે ટી.એચ.એસ. રામજીભાઈ, ટી. એચ. વી. પુષ્પાબેન, સપ્તધારાના સાધક સંજયભાઈ બારોટ, ગીરીશભાઈ તથા કિરણબેન રાવલ વિગેરે એ વિવિધ રીતે માહિતી આપી કાર્યક્રમને સફળ બનાવવા જહેમત ઉઠાવી હતી. સંસ્થાના પ્રિન્સીપાલ તથા સ્ટાફ દ્વારા સારો સાથ સહકાર મળ્યો જેના કારણે આ સમગ્ર કાર્યક્રમ સારી રીતે સંપન્ન થયો.

# મોટી મહુડી ગામ પાસે માર્ગ દુર્ઘટના સર્જાઈ : ૩૫ને ઈજા

પાલનપુર,તા. ૩૧

બનાસકાંઠા જિલ્લાના પાલનપુર દાંતીવાડા નજીક આવેલા મોટી મહુડી ગામ પાસે મોડી રાત્રે એક ગંભીર અકસ્માત સર્જાયો હતો. જેમાં રાજસ્થાનના ઝાલોરથી વડોદરા જતી એક ખાનગી લકઝરી બસ પલટી મારી ગઈ હતી. જેમાં લકઝરી બસમાં સવાર ૩૫થી વધુ મુસાફરો ઘાયલ થયા હતા. તમામ ઈજાગ્રસ્તોને પાલનપુર, પાંથાવાડા અને ડીસાની હોસ્પિટલોમાં સારવાર અર્થે દાખલ કરાયા હતા. દરમ્યાન અન્ય એક અકસ્માતમાં અંબાજી-દાંતા રોડ પર પાનસા ગામ નજીક એસટી બસની ટક્કરથી બાઈક પર જઈ રહેલા બે યુવકોના કરૂણ મોત નીપજતાં સમગ્ર વિસ્તારમાં ભારે ચકચાર મચી ગઈ હતી અને અરેરાટીની લાગણી ફેલાઈ ગઈ હતી. એસટી બસ અંબાજીથી ચાણસ્મા જઈ રહી હતી ત્યારે આ અકસ્માત સર્જાયો હતો. આ અંગે પ્રાપ્ત માહિતી મુજબ, પાલનપુરના દાંતીવાડા નજીક મોટી મહુડી ગામ પાસે આજે વહેલી સવારે જે ગંભીર અકસ્માત સર્જાયો તેમાં ખાનગી લકઝરી બસ પલ્ટી ખાઈ જતાં ૩૫ મુસાફરો ઘાયલ થયા હતા. રાજસ્થાનના ઝાલોરથી વડોદરા જતી આરજે-૧૯ પીએ-૪૦૯૪ નંબરની લક્ઝરી બસના ડ્રાઈવરે પોતાના વાહનના સ્ટીયરીંગ પરનો કાબૂ ગુમાવતા લકઝરી બસે પલટી મારી દીધી હતી. બસમાં સવાર મુસાફરોને નાની મોટી ઈજાઓ થઈ હતી. અકસ્માતના પગલે લોકોના ટોળેટોળા ઘટના સ્થળે લોકો ઉમટી પડયા હતા. બસમાં સવાર ઘાયલોને પાલનપુર પાંથાવાડા સહિત ડીસાની વિવિધ હોસ્પિટલોમાં રિફર કરાયા હતા. જો કે, બનાવને પગલે ભારે ચકચાર મચી ગઈ હતી.

## કંપની સમાચાર

## હોન્ડાનાં રોડ સેફ્ટીના કાર્યક્રમમાં વિદ્યાર્થીઓને જાગૃત કરવામાં આવ્યાં

ભવિષ્યનાં ભારતને સુરક્ષિત બનાવવા રોડ સેફ્ટી અંગે જાગૃતિ લાવવાની શરૂઆત યુવા પેઢીથી થવી જોઈએ એવી દ્રઢ માન્યતા સાથે હોન્ડા મોટરસાયકલ એન્ડ સ્કૂટર ઈન્ડિયા પ્રાઈવેટ લિમિટેડ




(એચએમએસઆઈ)એ ગાંધીનગરમાં એની રોડ સેફ્ટી જાગૃતિ અભિયાનનું આયોજન કર્યું હતું.

હોન્ડાએ ગાંધીનગરમાં ગવર્મેન્ટ આઈટીઆઈ કોલેજ અને આંબેડકર કોલેજ ઓફ નર્સિંગમાં નેશનલ રોડ સેફ્ટી અવેરનેસ કેમ્પનું આયોજન કર્યું હતું. એમાં ૨,૪૦૦થી વધારે પુખ્તોને રોડ સેફ્ટીનાં મહત્ત્વ વિશે જાણકારી આપવામાં આવી હતી, પછી એ નવા કે ભવિષ્યનાં ટૂ-વ્હીલર રાઈડર હોય કે રાહદારીઓ હોય.

હોન્ડા ૨ વ્હીલર્સ ઈન્ડિયાએ રાષ્ટ્રીય સ્તરે જાન્યુઆરી, ૨૦૧૯માં કોલેજનાં યુવાન વિદ્યાર્થીઓ માટે અત્યાર સુધીનો સૌથી મોટો નેશનલ રોડ સેફ્ટી અવેરનેસ પ્રોગ્રામ શરૂ કર્યો હતો. દર મહિને હોન્ડા ભારતની ૧૦ કોલેજોમાં ૧૫,૦૦૦થી વધારે યુવાન વિદ્યાર્થીઓને રોડ સેફ્ટીનું મહત્ત્વ સમજાવે છે. હોન્ડાની આ કોર્પોરેટ સોશિયલ રિસ્પોન્સિબિલિટી (સીએસઆર) પહેલમાં ૩૩ શહેરોનાં ૭૬,૦૦૦થી વધારે વિદ્યાર્થીઓને જાગૃત કરવામાં આવ્યાં છે.

હોન્ડા શા માટે રોડ સેફ્ટીની જાગૃતિ લાવવા માટે કોલેજનાં વિદ્યાર્થીઓ સુધી પહોંચે છે અને એની જરૂરિયાત શું છે એ વિશે હોન્ડા મોટરસાયકલ એન્ડ સ્કૂટર ઈન્ડિયા પ્રાઈવેટ લિમિટેડનાં બ્રાન્ડ એન્ડ કમ્યુનિકેશનનાં વાઈસ પ્રેસિડન્ટ પ્રભુ નાગરાજે કહ્યું હતું કે, ‘‘હોન્ડાની કોર્પોરેટ સોશિયલ રિસ્પોન્સિબિલિટીનો મુખ્ય આધારસ્તંભ રોડ સેફ્ટી છે. આજનાં વિદ્યાર્થીઓ હાલનાં રોડ યુઝર્સ હોવાની સાથે ભવિષ્યનાં ટૂ-વ્હીલર રાઈડર્સ પણ છે. કોલેજનાં વિદ્યાર્થીઓ માટે હોન્ડાનાં નેશનલ રોડ સેફ્ટી અવેરનેસ અભિયાનનો ઉદ્દેશ શરૂઆતથી જ રોડ સેફ્ટી અંગે જાગૃતિ લાવવાનો છે, જેથી ભારતીય માર્ગો પર સલામતી સુનિશ્ચિત કરી શકાય. અમને ખુશી છે કે, આ કેમ્પમાં ગાંધીનગરનાં ૮૮૮થી વધારે કોલેજિયન વિદ્યાર્થીઓ જોડાયાં હતાં અને હોન્ડા સાથે #TheSafetyPromise લીધી હતી. જવાબદાર કોર્પોરેટ તરીકે હોન્ડા આ પહેલ ભારતનાં અન્ય શહેરોમાં લઈ જશે.’’

## ગુજરાતમાંથી વધુને વધુ દર્દીઓએ મુંબઈની ગ્લોબલ હોસ્પિટલની લીધી મુલાકાત

લિવર (યકૃત)ને લગતી બીમારીઓમાં અગ્રણી એવી મુંબઈની પરેલ ખાતે આવેલ ગ્લોબલ હોસ્પિટલમાં લિવરને લગતી માંદગીઓમાં વધારો થયો હોવાનું બહાર આવ્યું છે. જેમાં છેલ્લા તબક્કાના લિવરના રોગનો પણ સમાવેશ થાય છે. ડોક્ટર્સે એ વાતને સમર્થન આપ્યું છે કે ગુજરાત સહિત નજીકના રાજ્યોમાં આ માંદગીનું પ્રમાણ વધુ છે. સુરત, અમદાવાદ, બરોડા અને રાજકોટ જેવા મહત્વના શહેરોમાંથી દર્દીઓ અહીંના ડોક્ટર્સનો સંપર્ક કરી રહ્યા છે. એ નોંધવું રસપ્રદ રહેશે કે છેલ્લા ૫ વર્ષમાં મુંબઈની ગ્લોબલ હોસ્પિટલમાં ૪૦ જેટલા લિવર ટ્રાન્સપ્લાન્ટસ કરવામાં આવ્યા છે તે તમામ દર્દીઓ ગુજરાતના હતા.

ગ્લોબલ હોસ્પિટલના મુખ્ય લિવર ટ્રાન્સપ્લાન્ટ સર્જન ડૉ. રવિ મોહંકાએ જણાવ્યું હતું કે, ‘આજે લિવર ટ્રાન્સપ્લાન્ટેશન સાથે જીવતા લોકોની સંખ્યા આજે પહેલા ક્યારેય ન હતી તેના કરતા વધુ છે. ટ્રાન્સપ્લાન્ટના વડા ડૉ. સમીર શાહે ઉમેર્યુ હતુ કે, ‘આખરી તબક્કાના લિવર રોગના બોજમાં છેલ્લા થોડા વર્ષોમાં નોંધપાત્ર વધારો થયો છે.

## એલ એન્ડ ટી ફાઈનાન્સે ટુ-વ્હિલર ગ્રાહકો માટે ‘સબસે ખાસ લોન’ લોન્ચ

એલએન્ડટી ફાઈનાન્સ હોલ્ડિંગ્સની પેટા કંપની એલએન્ડટી ફાઈનાન્સે આજે તેમના નાણાંનો હોંશિયારીપૂર્વક ખર્ચ કરવામાં અને દેવુ લેવા અંગે જવાબદાર નિર્ણયો લેવામાં વિશ્વાસ ધરાવતા હોય તેવા સમજદાર ગ્રાહકો માટે ‘સબ સે ખાસ લોન’ લોન્ચ કરી છે.

ઉદ્યોગમાં સૌપ્રથમ વખત રજૂ થયેલી આ યોજના ટુ-વ્હિલર માટે માત્ર અવરોધ મુક્ત સુવિધા અને ઓછુ ખર્ચાળ ધિરાણ જ નથી પુરી પાડતી, પરંતુ લોનની મુદત પુરી થયા પછી ફાઈનાન્સર પાસેથી વાહનના હાઈપોથિકેશન માટેની જરૂરીયાત પણ દૂર કરે છે. લેણદારો ૭.૯૯ ટકા અને ૮.૯૯ ટકાના વ્યાજદર સાથે ૬, ૧૨ અને ૧૮ મહિનાની ૩ અલગ અલગ ઈએમઆઈ મુદતની પસંદગી કરી શકે છે.

આ લોન્ચિંગ પ્રસંગે આઈટી અને એનાલિટિક્સના ચીફ એક્ઝિક્યુટિવ રૂરલ ફાઈનાન્સ અને ગ્રુપ હેડ-ડિજિટલ સુનિલ પ્રભુને જણાવ્યું હતું કે, ‘સબ સે ખાસ લોન નાણાંકીય રીતે જવાબદાર અને તેમના નાણાંનો હોંશિયારીપૂર્વક ખર્ચ કરનાર લેણદારોને પ્રોત્સાહિત અને વળતર આપવાનો અમારો પ્રયાસ છે. અલ્ગોરિધમ-આધારિત ક્રેડિટ નિર્ણયો, પેપરલેસ ઓન-બોર્ડિંગ અને ઝડપી ટર્નઅરાઉન્ડ સમય એલટીએફએચના ટુ-વ્હિલર ધિરાણ કારોબાર માટે મુખ્ય તફાવત છે.

## અમિત શાહને...

● **અનુસંધાન પહેલાનું ચાલુ**

દેશોમાં કામ કરી ચુકેલા જયશંકર ખુબ મોટો અનુભવ ધરાવે છે. તેમના શપથની સાથે જ એમ માનવામાં આવી રહ્યું હતું કે, તેમને વિદેશ મંત્રાલય આપવામાં આવી શકે છે. મોદી સરકાર-૧માં વિદેશ મંત્રી રહી ચુકેલા સુષમા સ્વરાજે આ વખતે ચૂંટણી લડી ન હતી. આરોગ્યના કારણસર સુષમા સ્વરાજે કેબિનેટમાં સામેલ થવાનો પહેલાથી જ ઈન્કાર કર્યો હતો. આવી સ્થિતિમાં જયશંકરને વિદેશ મંત્રી બનાવવામાં આવ્યા બાદ આ ઘટનાક્રમને પણ ઉપયોગી ગણવામાં આવે છે. એનડીએના સાથી પક્ષોને પણ કેટલાક ખાતા આપવામાં આવ્યા છે. એલજેપીના પ્રમુખ રામવિલાસ પાસવાને આ વખતે પણ ગ્રાહક બાબતોના મંત્રી બનાવવામાં આવ્યા છે. જ્યારે આરપીઆઈના રામદાસ આઠવાલેને સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રાલયની જવાબદારી સોંપવામાં આવી છે. અર્જુન મુંડા જે દલિત ચહેરા તરીકે છે. તેમને અનુસુચિત જાતિ અને જનજાતિ કલ્યાણના મંત્રી બનાવવામાં આવ્યા છે. શિવસેનાના ક્વોટામાંથી અરવિંદ સાવંતને ભારે ઉદ્યોગ મંત્રાલયની જવાબદારી સોંપવામાં આવી છે. મોદી સરકારે પોતાની જવાબદારી સંભાળી બાદ હવે કેબિનેટ બેઠક પણ યોજનાર છે. આ વખતે પણ ધારણા પ્રમાણે જ હર્ષવર્ધનને આરોગ્ય મંત્રી બનાવવામાં આવ્યા છે. રવિશંકર પ્રસાદ ધારણા પ્રમાણે જ કાયદા પ્રધાન તરીકે અંકબધ રહ્યા છે. ગઈકાલે તમામ પ્રધાનોએ હોદ્દા અને ગુપ્તતા શપથ લીધા હતા. આ વખતે સુરેશ પ્રભુ મંત્રી બનાવવામાં આવ્યા હતા. પિયુષ ગોયલે રેલ્વે અને વાણિજ્ય મંત્રી તરીકેનો હવાદો સંભાળી દીધો છે. પિયુષ ગોયલની સાથે સાથે મુખ્તાર અબ્બાસ નકવીએ લઘુમતી બાબતોના મંત્રાલયની જવાબદારી સંભાળી દીધી હતી. હાલમાં યોજાનારી લોકસભાની ચૂંટણીમાં મોદી સુનામી વચ્ચે ભારતીય જનતા પાર્ટીએ જોરદાર સપાટો બોલાવ્યો હતો.

## સીતારામન

● **અનુસંધાન પહેલાનું ચાલુ**

નિર્મલા સીતારામને પોતાની કેરિયરમાં અનેક સિધ્ધિઓ હાસિલ કરી છે. ૧૭મી લોકસભામાં કેન્દ્રિય કેબિનેટમાં ત્રણ મહિલાઓ છે. સીતારામન પહેલા ઈન્દિરા ગાંધી ટુંકાગાળા માટે નાણાંમંત્રી તરીકે રહ્યા હતા. મોદીએ આજે સીતારામનને આ મોટી જવાબદારી સોંપીને તમામને સોંકાવી દીધા છે. એમ માનવામાં આવી રહ્યું હતું કે, પીયુષ ગોયલે ને નાણાંમંત્રી તરીકેની જવાબદારી સોંપવામાં આવશે. પરંતુ ગોયલને રેલવે અને વાણિજ્ય ખાતુ સોંપવામાં આવ્યું છે. અમેરિકા સાથે વેપાર સંબંધો સારા રહ્યા નથી ત્યારે ગોયલ અને સીતારામન પાસે સારા સંબંધો કરવાની રહેશે. સીતારામન એવા સમયે નાણાંમંત્રી બન્યા છે જ્યારે સરકાર પર ઉદ્યોગ તરફથી દબાણ લાવવામાં આવી રહ્યું છે. ભારતના ૨.૭ ટ્રિલિયન ડોલરના અર્થતંત્રમાં મંદીને રોકવા માટે પેકેજની માંગ ઉદ્યોગ દ્વારા કરવામાં આવી રહી છે. આવી સ્થિતિમાં સીતારામન સામે કેટલાક પડકારો રહેલા છે. ભારતે વિશ્વમાં સૌથી ઝડપથી ઉભરી રહેલા અર્થતંત્ર તરીકેની છાપ ઉભી કરી છે. જાન્યુઆરી-માર્ચ ત્રિમાસીક ગાળામાં ભારત પાસે અનેક પડકારો રહેલા છે. મોદી-૨ અવધિમાં પ્રથમ ૧૦૦ દિવસ માટે આર્થિક સુધારાઓ મોટા પાયે હાથ ધરવામાં આવનાર છે. બીજી અવધીમાં કારોબાર માટે શ્રમ અને જમીન સુધારા માટેના નિયમોને હળવા કરવામાં આવનાર છે. સરકાર દ્વારા જુદા જુદા પાસા પર વિચારણા કરવામાં આવી રહી છે. સોમવારના દિવસે જ્યારે કારોબારની શરૂઆત થશે ત્યારે નિર્મલા સીતારમનના સંદર્ભમાં શેરબજારમાં પ્રતિક્રિયાઓ મળી શકે છે. ભાજપ સાથે જોડાયા બાદ માત્ર ૧૧ વર્ષમાં તેઓ અહીં પહોંચ્યા છે. નિર્મલાનો જન્મ તમિળનાડુના એક સામાન્ય પરિવારમાં ૧૮મી ઓગસ્ટ ૧૯૫૯ના દિવસે થયો હતો.

## ગરમીનો મીજાજ

● **અનુસંધાન છેલ્લાનું ચાલુ**

ગઈકાલે પણ ગરમીનો પારો ૪૪ ડીગ્રીએ જ સ્થિર રહ્યો હતો. જયારે આજે પણ ગરમીની અસરથી શહેરનુ જનજીવન પ્રભાવિત રહ્યુ હતુ. ગરમીનો પારો ૪૩.૫ ડીગ્રી રહ્યો હતો. અલબત્ત મહત્તમ તાપમાનમાં માત્ર ૦.૫ ડીગ્રીનો ઘટાટો નોંધાયો હતો. સતત ગરમીના લીધે સિનિયર સિટીઝન્સને વધુ તકલીફ વેઠવી પડે છે ત્યારે હવે ગરમી ખમૈયા કરે તેવી લાગણી પણ પ્રબળ બની છે. જો કે વરસાદી દિવસો પણ હવે નજીકમાં હોવાથી ગરમીની સિઝનનુ હેપ્પી એન્ડીંગ થાય તેવી પણ વાટ જોવાઈ રહી છે.

## ભડક્યા

● **અનુસંધાન પહેલાનું ચાલુ**

મમતા બેનર્જીએ બૂમો પાડતા કહ્યું, ‘અહીં આવો, હિંમત છે તો સામે આવો, મને ફેસ કરોપભાજપના ગુંડાઓપઅહીં તમે લોકો અમારા લીધે જ રહો છો. તમારા જેવા લોકોને અહીંથી ભગાડી પણ શકું છુંપતમે લોકો બધા બદમાશ લોકો છોપતમારા લોકોની હિંમત કંઈ રીતે થઈ મારા કાફલા પર હુમલો કરવાની હું તમારા લોકોની ચામડી ઉખાડી દઈશ. બધા લોકોના નામ જોઈએ જે ઉપદ્રવ કરી રહ્યા હતાપએક એક ઘરની તપાસ થવી જોઈએ.’ ત્યારબાદ મમતાનો કાફલો થોડોક દૂર આગળ વધતા ફરી એક વખત જયશ્રીરામના નારા લાગવા લાગ્યા. મમતા ફરીથી ઉતર્યા અને બૂમો પાડવા લાગ્યા. તેમણે કહ્યું, ‘અહીં આવોપહિંમત છે તે સામે આવો બદમાશોપહું મારી ગાડીમાં જઈ રહી હતીપત્યારે આ ભાજપના ગુંડાઓએ મને ગાળો આપવાનું શરૂ કરી દીધું.

## કેરળમાં ચોમાસુ

● **અનુસંધાન પહેલાનું ચાલુ**

આઈએમડી અનુસાર, જુલાઈમાં એવરેજ ૯૫ ટકા વરસાદ થઈ શકે છે. જ્યારે ઓગષ્ટમાં સારો વરસાદ થવાના સંકેત છે. ઓગષ્ટમાં એવરેજ ૯૯ ટકા વરસાદ વરસી શકે છે. આઈએમડી અનુસાર, આ વર્ષે ઉત્તર પશ્ચિમ અને ઉત્તર પૂર્વીય ભારતમાં નબળા વરસાદની આશંકા છે. જ્યારે મધ્ય અને દક્ષિણ ભારતમાં સારા વરસાદનું અનુમાન છે. આઈએમડી પોતાનું અગામી અનુમાન જુલાઈના અંતમાં જાહેર કરશે. ૩૦મે ગુરૂવારના રોજ દિલ્હીએ ગરમીના મામલામાં ૮ વર્ષનો રેકોર્ડ તોડી દીધો. દિલ્હીના પાલમ વિસ્તારમાં તાપમાન ૪૬.૮ ડિગ્રી સેલ્સિયસ પહોંચી ગયું છે. આ સામાન્યથી ૬ ડિગ્રી વધારે છે. ૨૦૧૩મે બાદ મે મહિનામાં નોંધવામાં આવેલું આ સોથી વધારે તાપમાન છે. હવામાન પૂર્વાનુમાન એજન્સી સ્કાઈમેટ વેધરના મહેશ પાલવતે ટ્વીટ કરી બતાવ્યું, દિલ્હીનો પારો ચઢ્યો છે.